કેસ રજુ થતા તા. :- ૦૧/૦૬/૨૦૧૨

કેસ રજી. નોંધ્યા તા. :- ૦૧/૦૬/૨૦૧૨

કેસ ફેંસલ થયા તા. :- ૦૧/૦૪/૨૦૨૫

**સમયગાળો :- વર્ષ-૧૨ માસ-૧૦ દિવસ-૦૦**

## મે. ચોથા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં. ૧૭ સમક્ષ, અમદાવાદ શહેર.

ક્રિમિનલ કેસ નંબર. : ૫૯૨/૨૦૧૨

આંક:-

**ફરિયાદી.........** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ....** (૧) રાકેશ ઉર્ફે રોકી રામુભાઈ તમાયચે(છારા), ઉ.વ.૨૫,

(૨) જીગ્નેશ ઉર્ફે જીગુ સ/ઓ ઘનશ્યામભાઈ બાટુંગે (છારા), ઉ.વ.૨૨,
**(આરોપી નં.૧ અને ૨ નાઓ ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન પામેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.)**

(૩) વિવેશ સ/ઓ શોભરાજભાઈ સવાભાઈ ઘાંચી (છારા), ઉ.વ.૨૧,
ત્રણેય રહે. છારાનગર, કુબેરનગર, અમદાવાદ.

**ગુનો :-** <u>ઈ.પી.કો.કલમ-૩૮૦, ૪૪૭, ૧૧૪ મુજબ</u>

**વકીલશ્રીઓ:-**
<u>ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ. આર.બારોટ</u>
<u>બચાવપક્ષે વિ.વ.શ્રી</u>

## -: ચુ  કા  દો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૧/૦૪/૨૦૧૨ ના રા.ક.૨૩:૦૦ થી તા.૧૨/૦૪/૨૦૧૨ ના કલાક-૦૨:૦૦ વાગ્યા દરમ્યાનમાં ફરીયાદીના મ.નં.૧૧ અમુલ પાર્ક સોસાયટીના ખુલ્લા કમ્પાઉન્ડમાં ગે.કા. મોડી રાતના પ્રવેશ કરી કમ્પાઉન્ડમાં પડેલ ફરીયાદીનું વોર્શીગ મશીન કિં.રૂા.૯૦૦૦/- નું તથા ઈન્ડેન કંપનીનો ગેસનો બાટલો કિં. રૂા.૧૫૦૦/- ના મતાની વસ્તુની ચોરી કરી લઈ જઈ એકબીજાની મદદગારી કરી ઈ.પી.કોડની કલમ-૩૮૦, ૪૪૭, ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે તપાસનીશ અધિકારીશ્રી નાઓએ કાયદેસરની તપાસ કરતા આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૩) આરોપીઓને અત્રેની કોર્ટથી અવાર-નવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવતા આરોપી નં.(૩) નાઓ મળી આવતા ન હોય ક્રિ.પ્રો.કોડની કલમ-૨૯૯ હેઠળ હુકમ કરી તેઓની ગેરહાજરીમાં પુરાવો નોંધી કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

- જયારે આ કામના આરોપીઓ નં.૧ અને ૨ નાઓ ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન પામેલા હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા આ કામે આંક-૯ થી સાહેદ કિરીટસિંહ ભવાનસિંહને તપાસવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક-૧૦ થી ફરીયાદી મનહરભાઈ ભગવાનભાઈ ભાટીયાને તપાસવામાં આવેલ છે અને આંક-૧૧ થી ફરીયાદ રજુ થયેલ છે.

ત્યારબાદ આ કામે ફરીયાદીએ આંક–૧૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે. આ કામે આંક–૧૦ થી સાહેદ મુકેશસીંહ જગરૂપસીંહને તપાસવામાં આવેલ છે.

– ત્યારબાદ આ કામે આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય તેમજ વળી આરોપીઓ નં.૧ અને ૨ નાઓ અવસાન પામેલ હોય જયારે આરોપી નં.૩ નાઓ મળી આવતા ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલ છે.

(૫) આમ, આ કેસના આખરી નિકાલ માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુ દ્દા ઓ :–**

: ૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૧/૦૪/૨૦૧૨ ના રા.ક.૨૩:૦૦ થી તા.૧૨/૦૪/૨૦૧૨ ના કલાક–૦૨:૦૦ વાગ્યા દરમ્યાનમાં ફરીયાદીના મ.નં.૧૧ અમુલ પાર્ક સોસાયટીના ખુલ્લા કમ્પાઉન્ડમાં ગે.કા. મોડી રાતના પ્રવેશ કરી કમ્પાઉન્ડમાં પડેલ ફરીયાદીનું વોશીંગ મશીન કિં.રૂા.૯૦૦૦/– નું તથા ઈન્ડેન કંપનીનો ગેસનો બાટલો કિં. રૂા.૧૫૦૦/– ના મતાની વસ્તુની ચોરી કરી લઈ જઈ એકબીજાની મદદગારી કરી ઈ.પી.કોડની કલમ–૩૮૦, ૪૪૭, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

: ૨ : છેવટનો હુકમ શું?

(૬) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના મત મુજબ નિર્ણયો તથા

કારણો નીચે મુજબ છે.

: ૧ : નકારાત્મક.

: ૨ : આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણયોના અત્રેની અદાલતના મત મુજબ વિગતવારના કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧. :-**

(૮) ફરીયાદપક્ષે તેમનો કેસ પૂરવાર કરવા આ કામે આંક-૯ થી કિરીટસિંહ ભવાનસિંહને ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલા છે જેઓનો પુરાવો ધ્યાને લઈએ તો, તા.૧૫/૦૨/૨૦૧૨ ના રોજ તેઓ તથા એ.એસ.આઈ. અશોકભાઈ નટવરભાઈ વિગેરે સરદારનગર પો.સ્ટે. ના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે કલાક-૧૯:૧૦ વાગે સૈજપુર રેલ્વે ગરનાળા પાસે આવતા તેઓને હકીકત મળેલ કે કુબેરનગર, છારાનગર ખાતે રહેતા ઈસમ નામે રોકી રામુ તમંચે તથા જીગ્નેશ ઉર્ફે જીગો તથા વિવેક શોભરાજ ઘાંસીનાોની પાસે ચોરી અગર છળકપટણી મેળવેલ એક મશીન, ગેસનો બાટલો, કિશોર સ્કુલની પાછળ આવેલ પમ્પીંગ સ્ટેશન પાછળ વેચવા ઉભા હોય હકીકત ાધારે સાથેના એ.એસ.આઈ. અશોકભાઈને આપતા સદરી જગ્યાએ વોચમાં જવાનું હોય પંચો બોલાવી સ્ટાફ સાથે જવા રવાના થયેલ સ્ટાફ સાથે સદર હકીકતવાળી જગ્યાએ પહોંચતા પમ્પીંગ સ્ટેશનની આડમાં બે ઈસમો ઉપરોકત વસ્તુ લઈ ઉભા હતા તે બંનેને જેમના તેમ રોકી પંચો રૂબરૂ નામ-ઠામ પુછતા નં.૧ રોકી રામુભાઈ તમંચે નં.ર જીગ્નેશ ઉર્ફે ઘનશયામભાઈ બાટુંગે, રહે. સીંગલ ચાલી, સરદારનગર, અમદાવાદ નાઓ જણાવેલ જે બંને પાસેથી ઈન્ડીયન કંપનીનો ગેસનો બાટલો

તથા વોશીંગ મશીન વોલપુલ કંપનીનું મળી આવેલ આ બંને વસ્તુ પોતાની પાસે રાખવાનું લખાણ કે અધિકૃત બીલ માંગતા પોતાની પાસે નહીં હોવાનું જણાવેલ જેથી બંને વસ્તુઓ તેઓએ ચોરી અગર છલકપટથી લાવેલ હોય તેવું જણાતા પંચો રૂબરૂ મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ–૧૦૨ મુજબ તપાસ માટે કબ્જે કરી બંને ઈસમોને કલાક–૨૦:૧૫ વાગે સી.આર.પી.સી. કલમ–૪૧ (૧)(ડી) મુજબ અટક કરેલ અને તેઓ વિરૂધ્ધ અગાઉની કાર્યવાહી કરેલ આરોપીઓને જોયેથી ઓળખી શકે જેઓ હાજર નથી, મુદ્દામાલ જોયેથી ઓળખી શકે.

(૯) તેજ રીતે આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પૂરવાર કરવા આ કામે આંક–૧૦ થી મુકેશસીંહ જગરૂપસીંહને ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલા છે જેઓનો પુરાવો ધ્યાને લઈએ તો, તા.૧૫/૦૨/૨૦૧૨ ના રોજ તેઓ તથા એ.એસ.આઈ. અશોકભાઈ નટવરભાઈ વિગેરે સરદારનગર પો.સ્ટે. ના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે કલાક–૧૯:૧૦ વાગે સૈજપુર રેલ્વે ગરનાળા પાસે આવતા તેઓને હકીકત મળેલ કે કુબેરનગર, છારાનગર ખાતે રહેતા ઈસમ નામે રોકી રામુ તમંચે તથા જીગ્નેશ ઉર્ફે જીગો તથા વિવેક શોભરાજ ધાંસીનાોની પાસે ચોરી અગર છળકપટણી મેળવેલ એક મશીન, ગેસનો બાટલો, કિશોર સ્કુલની પાછળ આવેલ પમ્પીંગ સ્ટેશન પાછળ વેચવા ઉભા હોય હકીકત ાધારે સાથેના એ.એસ.આઈ. અશોકભાઈને આપતા સદરી જગ્યાએ વોચમાં જવાનું હોય પંચો બોલાવી સ્ટાફ સાથે જવા રવાના થયેલ સ્ટાફ સાથે સદર હકીકતવાળી જગ્યાએ પહોંચતા પમ્પીંગ સ્ટેશનની આડમાં બે ઈસમો ઉપરોકત વસ્તુ લઈ ઉભા હતા તે બંનેને જેમના તેમ રોકી પંચો રૂબરૂ નામ–ઠામ પુછતા નં.૧ રોકી રામુભાઈ તમંચે નં.ર જીગ્નેશ ઉર્ફે ઘનશયામભાઈ બાટુંગે, રહે. સીંગલ ચાલી, સરદારનગર, અમદાવાદ નાઓ જણાવેલ જે બંને પાસેથી ઈન્ડીયન કંપનીનો ગેસનો બાટલો

તથા વોશીંગ મશીન વોલપુલ કંપનીનું મળી આવેલ આ બંને વસ્તુ પોતાની પાસે રાખવાનું લખાણ કે અધિકૃત બીલ માંગતા પોતાની પાસે નહીં હોવાનું જણાવેલ જેથી બંને વસ્તુઓ તેઓએ ચોરી અગર છલકપટથી લાવેલ હોય તેવું જણાતા પંચો રૂબરૂ મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ–૧૦૨ મુજબ તપાસ માટે કબ્જે કરી બંને ઈસમોને કલાક–૨૦:૧૫ વાગે સી.આર.પી.સી. કલમ–૪૧ (૧)(ડી) મુજબ અટક કરેલ અને તેઓ વિરૂઘ્ઘ અગાઉની કાર્યવાહી કરેલ આરોપીઓને જોયેથી ઓળખી શકે જેઓ હાજર નથી, મુદ્દામાલ જોયેથી ઓળખી શકે.

(૧૦) આ કામે આંક–૧૦ થી ફરીયાદી મનહરભાઈ ભગવાનભાઈ ભાટીયાને ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલા છે જેઓનો પુરાવો ઘ્યાને લેતા તેઓ જણાવી ગયેલ છે કે, હાલનો બનાવ આશરે દશ–બાર વર્ષ પહેલા બનેલ. બનાવની રાત્રીના સમયે તેઓની સોસાયટી અમૃત પાર્કમાં પ્રવેશ કરી તેઓના કમ્પાઉન્ડમાં પડેલ વોશીંગ મશીન જેની કિં.રૂા.૯૦૦૦/– તથા ઈન્ડેન કંપનીનો ગેસનો બાટલો કિં.રૂા.૧૫૦૦/– એમ કુલ કિં.રૂા.૧૦,૫૦૦/– ના મતાની ચોરી થયેલી હતી. આ ચોરી કોણે કરી તેની તેઓને ખબર નથી. સદર ચોરીના બનાવની તેઓએ ફરીયાદ આપેલી જે ફરીયાદમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક–૧૧ થી રજુ થયેલ છે. તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

(૧૧) ઉપરોકત રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા, આ કામે ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીથી તેઓના મકાનના કમ્પાઉન્ડમાંથી ચોરી થયેલાની હકીકતને સપષ્ટપણે સમર્થન આપી જાય છે પરંતુ આ ચોરી કોણે કરી તેની તેઓને ખબર નહીં હોવાનું પણ જણાવી ગયેલ છે. આમ, સદર ચોરી આ કામના આરોપીઓએ જ કરેલ હતી તેવી કોઈ જ હકીકત

અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામના અન્ય સાહેદોને અત્રેની અદાલત ધ્વારા અવાર-નવાર સમન્સ કાઢવા છતા તેઓ જણાવેલ સરનામે રહેતા ન હોય મળી આવેલ ન હોય તેઓની જુબાની રેકર્ડ થઈ શકેલ ન હોય ફરીયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે. વળી, આ કામે પંચ સાહેદો પણ મળી આવતા ન હોય ફરીયાદપક્ષ પંચનામાંની હકીકતો સાબીત કરી શકેલ નથી. વળી, આ કામે તપાસવામાં આવેલ બંને પોલીસ સાહેદોની જુબાનીને આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહીં કેમ કે, પોલીસ સાહેદની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી એટલુ જ નહીં આ કામે અન્ય સાહેદો મળી આવેલ નથી. તેમજ વળી, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને બીલકુલ સમર્થન પ્રાપ્ત થતુ નથી. વળી, સદર કેસ આશરે ૧ર વર્ષ જુનુ છે. વળી, ફરીયાદીએ આંક-૧ર થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ હોય આ કામે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, ઉપરોકત રજુ પુરાવો તથા પુરાવાનું કરેલ મુલ્યાંકન અને આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાંના આક્ષેપીત કલમોના આવશ્યક તત્વો અને કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી કમ્પાઉન્ડમાં પડેલ વોશીંગ મશીન તથા ગેસના બાટલાની ચોરી કરેલાનું શંકારહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર. પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુ ક મ</u> :-**

**(૧)** આરોપીઓ નં.(૩) વિવેશ સ/ઓ શોભરાજભાઈ સવાભાઈ ધાંચી (છારા), રહે. છારાનગર, કુબેરનગર, અમદાવાદ નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-ર૪૮(૧) અન્વયે ઈ.પી. કોડની કલમ-૩૮૦, ૪૪૭, ૧૧૪

મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.(૧) રાકેશ ઉર્ફે રોકી રામુભાઈ તમાયચે (છારા) અને નં.(૨) જીગ્નેશ ઉર્ફે જીગુ સ/ઓ ઘનશ્યામભાઈ બાટુંગે (છારા) નાઓ ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન પામેલા હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

(૩) આ કામે કબ્જે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદ્દામાલનો અગાઉ જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ ફરીયાદીને અપીલ સમય વિત્યા બાદ કાયમી પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૧ લી, માહે એપ્રિલ, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૧/૦૪/૨૦૨૫.

(દિપક જેઠાભાઈ પરમાર)
ચોથા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૭, અમદાવાદ શહેર.
**(GJ00879)**